◆ ચીંતનની ચાંદની ◆

# મંદીરની દીવાલ ઉપર અમીઝરા થાય, અને ઘરની દીવાલ ઉપર ભેજ થાય !

–રોહીત શાહ

ચમત્કારને નમસ્કાર કરવાની આપણી ઘેલછા સદીઓ જુની છે. આપણી અંધશ્રદ્ધા ઉપર કોઈ વ્યક્તી આંગળી મુકે તો તરત જ આપણે ખળભળી ઉઠીએ છીએ. અજ્ઞાન અને આડંબરની બાદબાકી કરવામાં આવે તો આપણા અધ્યાત્મજગતનું અસ્તીત્વ જોખમાઈ જાય. પોતાના અજ્ઞાન પ્રત્યે અહોભાવ ધરાવનારા લોકોને આપણે ભક્તો કહીએ છીએ!

એક મંદીરનો પુજારી વહેલી પરોઢથી માઈકમાં ભક્તીગીતોની કેસેટ વગાડીને આસપાસના રહીશોની નીદ્રાને ખલેલ પહોંચાડતો રહે છે. એ પોતે અભણ છે તેથી એને ખબર જ નથી પડતી કે મંદીરની આજુબાજુ રહેતા વીદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવા માટે કેવી શાંતી જોઈએ ! ક્યારેક મોડી રાત સુધી ભક્તીના રાગડા તાણનારા લોકોને એટલુંય ભાન નથી રહેતું કે, આસપાસમાં કેટલાક એવા લોકો વસે છે, જેમને વહેલી સવારે નોકરી-વ્યવસાય માટે જવું પડે છે અને તેમને વહેલા સુઈ જવાની જરુર છે. આપણને ભક્તીનો ઉભરો આવે એટલે ગમે ત્યારે, ગમે તેટલા લોકોને ત્રાસ આપવાનો હક્ક મળી જાય?

ભક્તી કરવાની કોણ ના પાડે છે? પણ ભક્તો જયારે ભગવાનને બહેરો સમજીને માઈક અને લાઉડસ્પીકર ઉપર વરસી પડે છે ત્યારે એમાં ભક્તી કરતાં પ્રદર્શન વધુ દેખાય છે. *કબીરજી*તો કહે છે કે *કીડીના પગમાં ઝાંઝર પહેરાવીએ અને તેનો જે રણકાર થાય એ રણકાર પણ ઈશ્વર સાંભળી શકે છે.* કબીરજીની વાત છોડો, આપણે સ્વયં ઈશ્વરને અંતર્યામી કયાં નથી કહેતા? અંતર્યામી એટલે આપણા ચીત્તમાં-મનમાં જાગેલા વીચારને પણ જાણી લેનાર! *જો ભગવાન આપણા ભીતરની સંવેદનાનેય સ્પર્શવાનું સામર્થ્ય ધરાવતા હોય તો મોટા અવાજે રાગડા તાણવાની શી જરુર છે?*

એક ચોક્કસ સંપ્રદાયના એક કહેવાતા ભક્ત પોતાના જ ઘરમાં રોજ સવારે તેમની ખાસ ભક્તી-ગીતોની કેસેટ વગાડવા માંડે છે. એમના આ પરમેનન્ટ ત્રાસથી કંટાળેલા, આસપાસમાં વસતા લોકો હવે એ મહાશયના સમગ્ર સંપ્રદાયને જ ધીક્કારવા લાગ્યા છે.

ભક્તી કે આરાધના એવી રીતે થવાં જોઈએ કે જેને કારણે કોઈને ખલેલ ન પહોંચે. આપણે ભલે કોઈ પણ ધર્મ-સંપ્રદાય કે દેવ-દેવીમાં શ્રદ્ધા ધરાવતા હોઈએ, પરંતુ એનું વરવું પ્રદર્શન તો ના જ કરવું જોઈએ ને!

સામાન્ય રીતે આપણે ત્યાં એવી પરંપરા હતી કે મંદીરો ગામના પાદરે હોય. મોટા ભાગનાં તીર્થો કાં તો જંગલમાં હશે અથવા તો કોઈ પર્વત ઉપર હશે. એનાં બે કારણો હતાં. એક કારણ તો એ કે માણસ જ્યારે ભક્તી કરવા જાય ત્યારે સાંસારીક બાબતો એને ખલેલ ન પહોંચાડે. રહેઠાણની આબોહવા કરતાં કંઈક જુદી આબોહવા મળે તો એની ભક્તી ખીલી ઉઠે . બીજું કારણ એ કે મંદીરમાં થતાં ઘંટારવ અને આરતી વગેરેને કારણે માણસનું રોજીંદુ જીવન ડીસ્ટર્બ ન થાય.

હવે ગલીએ-ગલીએ અને મહોલ્લે-મહોલ્લે જાતજાતનાં ધર્મસ્થાનો ઉભાં કરી દેવાય છે. પહેલાં સાવ નાનકડી દેરી હોય, થોડા સમય પછી એનો ઘેરાવો વધતો જાય. દરરોજ હજારો લોકોને અવરજવરમાં તકલીફ પડે તોય સૌ મુંગે મોંએ વેઠતા રહે. એ જ રીતે તીર્થો પણ હવે જંગલ અને પર્વતની ટોચ છોડી દઈને હાઈવે ઉપર ઉતરી આવ્યાં છે. ઘરાકી વધુ રહે ને!

એમાંય જો ક્યાંક ચમત્કારની અફવા ઉડી તો ટોળેટોળાં ઉમટી પડે. કોઈ દહેરાસરમાં અમીઝરા થાય છે તો કોઈ મંદીરની દીવાલ ઉપર જાતજાનાં આધ્યાત્મીક આકારો ઉપસી આવે છે. કોઈ મુર્તી દુધ પી જાય છે તો કોઈ દેવીનાં ઝાંઝર રણકી ઉઠે છે. અરે ભાઈ, તમે ધારીને જોશો તો તમારા ઘરમાં ય ઠેરઠેર અમીઝરા દેખાશે! ઘરની દીવાલો ઉપર દેખાય તે ભેજ કહેવાય અને મંદીરની દીવાલો ઉપર દેખાય તે અમીઝરા કહેવાય? પહાડ ઉપર તો મોટીમોટી શીલાઓમાંથી બારેમાસ ઝરણાં વહેતાં હોય છે, એ જ પથ્થરમાંથી બનેલી મુર્તી ઉપર પાણીનું એકાદ બુંદ દેખાય તો લોકો હોબાળો મચાવી મુકે છે!

દેવ-દેવી અને પરમાત્મા શા માટે ચમત્કાર કરે? એને આપણી પાસેથી શું લઈ લેવું છે? તમે એને સુખડી કે અન્ય પ્રસાદ રુપી લાંચ આપો તો જ એ તમારું કામ કરે? શું ઈશ્વરને તમે કોઈ સરકારી ભ્રષ્ટ અધીકારી સમજો છો?

***સદ્ભાવથી ચઢીયાતી કોઈ સ્તુતી નથી, પ્રેમથી ચઢીયાતી કોઈ પ્રાર્થના નથી. પુરુષાર્થથી ચઢીયાતી કોઈ પુજા નથી. નીતી અને નીષ્ઠા જેવું કોઈ નૈવેદ્ય નથી. અંધશ્રદ્ધા અને અજ્ઞાનને થોડીક વાર બાજુએ મુકીએ તો આ વાત સમજવાનું સાવ સરળ છે.***

--રોહીત શાહ,
સંપર્ક : ડી-**11**, રમણકલા એપાર્ટમેન્ટ, સંઘવી હાઈ સ્કુલ પાસે, નારણપુરા, અમદાવાદ-380 013
ફોન : (079) 2747 3207 : ઈમેઈલ : **prasang.shah@rediffmail.com**

◆●◆

◆ કડવાં પ્રવચનો ◆

## મંદીર-મસ્જીદ તુટે તો હોબાળો કરવાની જરુર નથી

કોઈ મંદીર તુટી પડે તો ગભરાઈ જવાની જરુર નથી. એવું જ મસ્જીદનું...એ તુટે તો હોબાળો કે બબાલ કરવાની કોઈ જરુર નથી. એ તો વારંવાર બનશે અને વારંવાર ખંડીત થઈ ધુળમાં મળશે; પરંતુ માનવતા અને ઈન્સાનીયતનું મંદીર એક વાર છીન્નભીન્ન થયું તો પુનઃ તેને ઉભું કરવાની કોઈમાં ક્ષમતા નથી. ***શું સાધારણ ઈંટ, સીમેન્ટ, ચુનાનું મુલ્ય; માનવતાની ઈંટ, ચારીત્ર્યનો ચુનો અને સત્યની સીમેન્ટથી ચડીયાતું હોઈ શકે?***

--મુની શ્રી. તરુણસાગરજી

◆●◆

તા. ૭-મે-૨૦૦૭ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની, દર સોમવારે પ્રગટતી 'ધર્મદર્શન' પુર્તીના પાન : ૧: ઉપરથી સાભાર....

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન કરી આપનાર : સુનીલ શાહ : **sunras22266@gmail.com**



◆ લેખકપરીચય ◆

વીજાપુર તાલુકાના ટીંટોદણ ગામમાં ૧૯૫૫માં જન્મેલા શ્રી. રોહીત શાહ એમ.એ., બી.એડ્. થઈ અધ્યાપક બન્યા. અખબારી કટાર-લેખન તો વીસ વરસથી ચાલે. દોઢસો જેટલાં તો એમનાં પુસ્તકો થયાં છે. હાલ ગુર્જર પ્રકાશનમાં સંપાદકની મનપસંદ કામગીરી અને 'દીવ્ય ભાસ્કર', 'મીડ-ડે' અને 'જયહીન્દ'માં સાપ્તાહીક કટાર-લેખન દ્વારા એમના ક્રાંતીકારક વીચારો પ્રકાશીત થતા રહે છે. તેમનાં લખાણોની ઉંચી ગુણવત્તા બદલ એમને 'ગુજરાત સાહીત્ય અકાદમી' અને 'ગુજરાત દૈનીક અખબાર સંઘ' તરફથી પારીતોષીક તથા વડોદરાનું 'સંસ્કાર પારીતોષીક' પણ મળી ચુક્યાં છે. પ્રવાસ, સંગીત-શ્રવણ અને વાચન-લેખનના ભારે રસીયા આ ચીંતક-લેખક સદા ચીંતનની સદાબહાર ચાંદની વરસાવી લોકોને વીચારવા અને વીમાસવા મજબુર કરી રહ્યા છે..

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

◆●◆

માત્ર પંદર માસના ગાળામાં **3,25,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં **http://www.gujaratilexicon.com** **લૅક્સીકૉન**ની મુલાકાત લીધી. આપને પણ **લૅક્સીકૉન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ–મહેફીલ**ના **5400** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી **સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ **http://gujaratilexicon.com/index.php?action=downloadSeM**

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લૅક્સીકૉન** અને **શ્રી વીપુલ કલ્યાણી** તરફથી **લંડન**થી પ્રકાશીત થતા **ઓપીનીયન**ની અને **શ્રી. પ્રવીણ વાઘાણી** (**મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા**) તરફથી પ્રકાશીત થતા **'માતૃભાષા'** માસીકોની મુલાકાતે પણ જઈ શકાશે..

◆●◆